| વિગત : | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૨૭ | ૦૧ | ૨૦૨૦ |
| ફેસલ તારીખ : | ૧૪ | ૦૯ | ૨૦૨૧ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૭ | ૧૭ |

**આંક–૮**

**પાલનપુરની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.બુધ્ધભટ્ટી સાહેબ સમક્ષ, પાલનપુર**

**રેફરન્સ (એલ.સી.પી.) નં.૦૬/૨૦૨૦**

**પ્રથમ પક્ષકાર** : બોર્ડરવીંગ જીલ્લા કમાન્ડરશ્રી,
માલણ દરવાજા, દિલખુશાલ બાગ,
મુ.પાલનપુર.

**–:: વિરૂધ્ધ ::–**

**બીજા પ્રક્ષકાર** : હરગોવિંદભાઈ નાનજીભાઈ બારોટ,
મુ.ચેમ્બુવા, તા.ભાભર, જિ.બનાસકાંઠા.

.......................................................................................................................

**પ્રતીનીધીઓ :–**

**પ્રથમ પક્ષકાર તરફે :–** વિ.ડી.જી.પી.શ્રી સી.જી.રાજપુત

**બીજા પક્ષકાર તરફે :–** –

.......................................................................................................................

**:: એવોર્ડ ::–**

(૧) ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ.ડી. એકટની કલમ ૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમઆયુકતશ્રી, પાલનપુરે હુકમ ક્રમાંક: કેએચ/એસ/એચએમસી/–/એજે/આઈડીઆર/૨૨/૨૦૧૯, તા.૨૦/૦૧/૨૦૧૯ થી મજુર અદાલત, પાલનપુરને ન્યાય–નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

(૨) આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે હરગોવિંદભાઈ નાનજીભાઈ બારોટને તેમનાં પડેલા દિવસોના પગાર સાથે મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૩) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર તરીકે સંબોધવામાં આવશે.

(૪) સદરહુ કામ અનુસુચિના આધારે ન્યાય નિર્ણય કરવા માટે અત્રેની અદાલતને સોપવામાં આવ્યા બાદ કાર્યવાહીનાં પક્ષકારોને કોર્ટ તરફથી નોટીસ કાઢવામાં આવેલ છે. આ નોટીસની સ્થળપત્ર આંક−૨ થી કામમાં સામેલ રાખવામાં આવેલ છે. સદર નોટીસ ઘ્યાને લેતા, અરજદારને નોટીસની બજવણી રજીસ્ટર એ.ડી.થી કરવામાં આવેલ સદરહુ નોટીસની આર.પી.એ.ડી. એકનોલેજમેન્ટ પરત ફરતા આંક−૩ આપવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર હાજર રહેલ નથી.

(૫) અરજદારને શ્રમ આયુકતમાં રજુ કરેલ સરનામા પર નોટીસ કરવા છતાં અને સબબ કામ તેઓના માંગણા નિવેદન રજુ કરવા માટે રાખવામાં આવેલ. પરંતુ અરજદારે કાર્યવાહીમાં હાજર થઈને તેઓનું માંગણા નિવેદન રજુ કરેલ નથી, અને તેઓએ ગેરહાજર રહેવાનો વિકલ્પ પસંદ કરેલ છે.

(૬) અરજદાર પક્ષે તેમનું માંગણા નિવેદન રજુ નહી થતા, સામાવાળા સંસ્થા તરફે આંક−પ થી અરજદારનો માંગણા નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવા માટે અરજી આપવામાં આવેલ જે લગત અત્રેથી હુકમ કરી અરજદારનો માંગણા નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. અરજદારનો માંગણા નિવેદનનો હકક બંધ કરતાં, સામાવાળા સંસ્થા તરફે આંક−૬ થી અરજદારનું માંગણા નિવેદન રજુ થયેલ ન હોઈ તેઓ જવાબ રજુ કરવા માંગતા ન હોઈ તે આંક−૬ની પુરસીસથી જાહેર કરેલ છે. તે બાદ સબબ કામ અરજદારપક્ષના પુરાવા રજુ કરવાના તબકકે આવતાં અરજદાર પુરાવાના તબકકે હાજર રહેલ ન હોઈ તેમનો પુરાવા રજુ કરવાનો હકક બંધ કરતાં, અરજદારનો પુરાવા રજુ કરવાનો હકક બંધ થતાં, સામાવાળા તેમને પુરાવો રજુ કરવો ન હોય તે મુજબની હકીકત આંક−૭ ની કલોઝીંગ પુરસીસ દ્વારા જાહેર કરેલ છે.

(૭) આમ, કાર્યવાહીના બંને પક્ષકારો તરફથી પુરાવા આપેલ ન હોય સબબ કામ દલીલના તબકકે રાખવામાં આવેલ, જેમાં પણ અરજદાર ગેરહાજર રહેલ છે. તેમજ સામાવાળા પક્ષે વિ.વ.શ્રી હાજર રહેલ છે તેઓને સાંભળ્યા. સામાવાળા સંસ્થાના વિ.વ.શ્રી દ્વારા હાલના રેફરન્સમાં દલીલ કરતાં જણાવેલ છે કે અરજદારને હાલની આ કાર્યવાહીની નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ ગેરહાજર રહેલ છે અને સામાવાળા સંસ્થા વિરૂઘ્ધનો કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ તે સંજોગોમાં તેઓ અનુસુચિ મુજબની દાદ મેળવવા માટે હકકદાર રહેતા ના હોઈ તેમણે રેફરન્સ રદ કરવા માટે વિનંતી કરેલ છે.

(૮) રેકર્ડ પરની હકીકત તથા અત્રેની અદાલતને રેફરન્સનો ન્યાય નિર્ણય કરવા માટે સોપવામાં આવેલ અનુસુચિ આધારે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

**<u>મુદ્દાનં.૧</u> :–** શું શ્રમયોગી હરગોવિંદભાઈ નાનજીભાઈ બારોટ પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર છે કે કેમ ?

**<u>મુદ્દા નં. ૨</u> :–** શું હુકમ ?

(૯) ઉપરોકત ઉપસ્થિત થયેલ મુદ્દાઓ પરત્વેના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબના છે.

**<u>–:: નિર્ણયો ::–</u>**

**<u>મુદ્દા નં.૧</u> :–** ''નકારમાં''

**<u>મુદ્દા નં. ૨</u> :–** ''આખરી હુકમ મુજબ.''

(૧૦) ઉપરોકત જણાવવામાં આવેલ મારા ન્યાયીક નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨ ની સંયુકત ચર્ચા.</u>**

(૧૦.૧) હાલના રેફરન્સની હકીકત તથા રેકર્ડ ધ્યાને લેતાં, મદદનીશ શ્રમ આયુકત તરફથી અત્રેની અદાલતને અનુસુચી આધારે અરજદારશ્રી હરગોવિંદભાઈ નાનજીભાઈ બારોટ જયારે સામાવાળા સંસ્થામાં પડેલા રોજના પગાર સાથે પુન:સ્થાપિત થવા માટે હકકદાર છે કે કેમ ? તેનો જયારે ન્યાય નિર્ણય કરવાનો છે ત્યારે અત્રેથી અરજદારને હાલની કાર્યવાહીની નોટીસ મોકલવામાં આવેલ અને તે નોટીસની બજવણી તેઓને થતા, સબબ કામ અરજદારના માંગણા નિવેદન રજુ કરવા માટે તા.૦૪/૦૧/૨૧ થી મુલત્વી રહેલ. પરંતુ અરજદારે હાજર રહીને માંગણા નિવેદન રજુ કરેલ નહી. જેથી તા.૨૭/૦૭/૨૦૨૧ ના રોજ અરજદારનો માંગણા નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ. અરજદારને કાર્યવાહીમાં હાજર રહેવાની નોટીસની બજવણી થયેલ હોવા છતાં તેઓ તરફે ગેરહાજર રહેવાનો વિકલ્પ પસંદ કરેલ હોય, અને સદર કેસની કાર્યવાહી આગળ વધારેલ ન હોય, તે સંજોગોમાં અરજદારને હાલની કાર્યવાહી ચલાવવામાં કોઈ રસ હોવાનું જણાય આવતું નથી. આમ, કાર્યવાહીના બન્ને પક્ષકારો તરફથી પુરાવો રેકર્ડ પર આવેલ નથી. સબબ રેફરન્સની કાર્યવાહીને આગળ વધારવાની તથા પુરાવો રજુ કરવાની જે પ્રાથમીક જવાબદારી અરજદાર પક્ષ પર હોય, ત્યારે તેઓએ જાગ્રત રહીને કાર્યવાહી આગળ વધારવી પડે. પરંતુ જયારે અરજદાર પક્ષે કોઈ

કાર્યવાહી આગળ વધારવામાં આવેલ ન હોય, તે સંજોગોમાં અરજદારને હાલની કાર્યવાહી ચલાવવામાં કોઈ રસ રહેલાનું જણાય આવતું ન હોય, મદદનીશ શ્રમ આયુકતની અનુસુચિ આધારે તેઓ સામાવાળા સંસ્થામાં પુન:સ્થાપિત થવા માટે હકકદાર બનતા ન હોય, અત્રેથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**– : એ વો ર્ડ : –**

(૧) અરજદાર શ્રમયોગીશ્રી હરગોવિંદભાઈ નાનજીભાઈ બારોટનો સદર રેફરન્સ (એલસીપી) નં.૦૬/૨૦૨૦ તેઓની ગેરહાજરી, માંગણા નિવેદન તથા પુરાવાના અભાવે રદ્દ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તારીખ : ૧૪/૦૯/૨૦૨૧
સ્થળ : પાલનપુર.

( મનીષ મનહરભાઈ બુધ્ધભટ્ટી )
જીજે૦૦૮૫૫
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત, પાલનપુર.